Navgujarat Samay
Page No. - 02
Date : 05/02/2025



## મેટ્રો ટ્રેન અને બગી ગાડી...સમય બદલાયો, સાધનો બદલાયા....

નવગુજરાત સમય

સમય બદલાતો રહે છે અને સાથે સાધનો પણ નવા નવા આવતા રહે છે. જીવનમાં પરિવહન મહત્ત્વનું ચાલકબળ છે ત્યારે અમદાવાદમાં સમય અને સાધનોના ભૂતકાળ અને વર્તમાનનું એક દૃશ્ય એકફ્રેમમાં જોવા મળ્યું હતું. એક સમયે પરિવહનનું મહત્ત્વનું સાધન અશ્વસવારી કે ઘોડાગાડી હતી. સમયાંતરે નવા સાધનો આવતા રહ્યા અને નગર પરિવહન માટે મેટ્રો રેલ મહત્ત્વનું સાધન બનવા લાગી. હવે અમદાવાદ પણ આ દિશામાં અગ્રેસર થઇ રહ્યું છે ત્યારે વિતેલા જમાનાની બગીગાડી પણ અહીંના માર્ગો પર જોવા મળી જાય છે. અલબત્ત, શહેરોમાં આવી ઘોડાગાડીની સવારી માસ ટ્રાન્સપોર્ટેશન માટે નહીં પણ મનોરંજન કે નવા અનુભવ માણવા લેવાતી હોય છે. આ દૃશ્ય સમય સાથે સાધનોના સાયુજ્યનું એક પ્રતીકસમુ બની રહ્યું છે. **તસવીરઃ પંકજ શુકલ**